Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# મહાત્મા ગાંધીનું અહિંસા દર્શન

**ડૉ.કનૈયાલાલ ર. નાયક**
પ્રોફેસર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ.દે.ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

દુનિયાને અહિંસાનો સંદેશ આપનાર ગાંધીવિચારમાં અહિંસાની વાત એટલે એક સર્વતોમુખી ચૈતન્યના વિકાસની વાત. વળી, ગાંધીજીએ પોતાના વ્યકતિગત જીવન પૂરતી સીમિત ન રાખતાં સામૂહિક જીવનમાં તેનો પ્રયોગ કરી નવો ઈતિહાસ રચ્યો. તેની અસાધારણ સિધ્ધિઓએ જગતના વિચારકોને મુગ્ધ કર્યા.

પ્રવર્તમાન સમય શું છે? કેવો છે? એનાથી આપણે બધા જ પરિચિત છીએ. એક તરફ વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં ફેલાયેલી હિંસાવૃત્તિ અને પ્રવૃત્તિએ મનુષ્યના આંતર-બાહ્ય જીવનમાં ભય, અસલામતી, હતાશા, નિરાશા, વ્યર્થતા અને તનાવની સ્થિતિ પેદા કરી છે. રાજકીય ક્ષેત્રે ભ્રષ્ટાચાર, ગુનાઓ અને આતંકવાદ વગેરે હિંસક પ્રવૃત્તિઓ માઝા મૂકીને ફેલાઈ રહી છે. સામાજિક અત્યાચારો અને અન્યાયને કોઇ સીમા નથી. અને આર્થિક ક્ષેત્રે તો હિંસા ઉદારીકરણ અને વૈશ્વીકરણને નામે ગુણવિશેષ તરીકે ઊભરી આવી છે. ત્યારે આજે આ ઘોર અંધકારની વચ્ચેથી એક પ્રકાશનું કિરણ આરપાર નીકળી, માનવ અસ્તિત્વના ત્રીજા મોજા તરીકે ટોફલર જેને ગાંધી વિથ સેટેલાઇટ તરીકે ઓળખાવ્યું છે.

વૈજ્ઞાનિક દૃષ્ટીએ જોઇએ તો આટલી વ્યાપક તે સમયે હિંસાની વચ્ચે પણ અહિંસાનું પ્રમાણ હિંસા કરતા વધારે હતું. જો આમ ન હોય તો દુનિયા ચાલે જ નહી. એ સત્ય આપણને સમજાઈ જાય તો જગતના ચાલકબળ તરીકે અહિંસા એ કેવડી મોટી શકિત પુરવાર શકે અને તેનો ખ્યાલ આવે.

પ્રવર્તમાન સમયમાં જેમ એક તરફથી હિંસા જ હિંસા ફાટી નીકળી છે, તેમ બીજી તરફથી અહિંસાની શક્તિ વિષેની જાગૃતિ પણ વધતી જાય છે. એ પ્રવૃત્તિની આપણને બહુ ખબર નથી પરંતુ વૈશ્વિક ભૂમિકાએ અહિંસા વિષેની આટલી સભાનતા આ પહેલાં કદાચ ક્યારેય અનુભવાઈ નથી. લગભગ સો વર્ષ પહેલાં ગાંધીજીએ વગાડેલો ઘંટ આજે લોકોને ધીમે ધીમે સંભળાવા લાગ્યો છે.

ગાંધીજીએ જેમ પોતાની પ્રકૃત્તિને પિછાની છે તેમ આ દેશના લોકોની પ્રકૃત્તિમાં યુગોથી સંસ્કારાયેલી અહિંસાની ધર્મભાવનાને પણ પિછાણી, એ સંસ્કાર પરંપરાને ઉપયોગ કરવાનું એ ન ચૂક્યા. ગાંધીજીના મતે સત્ય અને અહિંસા પહાડ જેટલાં પુરાણાં છે. એમાં મેં કશું નવું કહ્યું નથી. એ સત્ય છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે એમણે સામૂહિક ક્ષેત્રે શસ્ત્રના પર્યાયરૂપે અહિંસાને હિંસાની સામે મૂકી અને હિંસાને પરાજિત કરવાને બદલે જીતી લીધી. હિંસા કરનાર એમના સ્વજન બની ગયા. એટલું જ નહી, ૧૯૪૮ના ગાંધીજીના અંતિમ ઉપવાસ સમયે 'ન્યુઝ ક્રોનિકલ' નામનું અંગ્રેજી છાપું જેણે એ સમયે લખેલું : "મહાત્મા ગાંધીની અહિંસાની સફળતા એક નવી શક્તિ દર્શાવી છે, જે અણુબોમ્બ કરતાંયે કદાચ વધારે સબળ નીવડે અને પશ્ચિમ દેશોએ ઈર્ષા અને આશાથી તેનું નિરીક્ષણ કરતા રહેવું જોઇએ." આગળ એ લખે છે કે, "મિ. ગાંધી જેની સામે ભૌતિક શસ્ત્રો કારગત નીવડી ન શક્યા તેની સામે અહિંસાની તાકાતનો ઉપયોગ કરી રહ્યા છે. માનવીએ સર્જેલી વસ્તુઓની સામે તેઓ માનવીને

કટિબધ્ધ કરી રહ્યા છે. અને તેથી માનવી અહિંસાના માર્ગે આખરે તેણે સરજેલી સૃષ્ટી કરતાં સદાયે મહાન નીવડશે."

ગાંધીજીના જીવનમાં અહિંસા એ સત્યની શોધની આડપેદાશ હતી. બાળપણથી જ એમના જીવનમાં એક વિશેષ ગુણ હતો જેને કારણે પોતે જ પોતાનું જીવન ઘડ્યું. એક પથ્થરમાંથી જાતે જ વ્યક્તિત્વની મૂર્તિ ઘડી.એ ગુણવિશેષ એમણે આત્મકથામાં લખ્યો, એ લખે છે : "હું કંઈ બહુ હોંશિયાર ન હતો પણ મારા વર્તનને વિષે મને બહુ ચીવટ હતી." આ ચીવટને કારણે જ માંસ ખાધા પછી માતા પાસે જૂઠું બોલવું તે તેમણે બરાબર નથી એમ સમજી એ સત્યપાલનનું વ્રત લે છે. આ ચીવટને કારણે જ કડામાંથી સોનાની ચોરી કર્યા પછી પિતા પાસે તેની કબૂલાત કરી સજા ભોગવવા તૈયાર થયેલા. એ ચીવટને કારણે જે સ્કૂલે મોડા પડ્યાને દંડ થયો. એ સજા માફ થયા પછી પણ એમણે સમજાય છે કે સાચું બોલનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ. એ જ ચીવટ ને કારણે લેલીસાહેબની ભલામણ કરી અપમાનિત થયા પછી એ નિશ્ચય કરે છે કે કદી કોઈનીયે ભલામણ કરીશ નહી. આમ દુઃખદ એવા, જીવનવિકાસમાં નકારાત્મક એવા પ્રસંગોએ વર્તન વિશેની ચીવટને કારણે એ ઠોકર ખાઇ પડવાને બદલે એ પથ્થરને સોપાન બનાવી એક એક પગથીયું ઉપર ચડેલા. ગાંધીજીના જીવનનો વિકાસ જેટલો વિધાયક પરિબળોથી નહોતો થયો તેટલો નિષેધક પરિબળોથી થયેલો. એટલું જ નહી, જયારે કોઈનોયે સાથ ન હોય અને તદ્દન એકલા પડી જાય ત્યારે એમના આત્મમંથનમાંથી કોઇ અપૂર્વ શક્તિ પ્રગટેલી છે. અહિંસા એ આવી નિરંતર આત્મમંથન માંથી જાગેલી શક્તિ હતી. આથી જ લૂઈ ફિશર ગાંધીજીના જીવનઘડતર વિષે કહે છે – "જાતે ઘડવાની કળા" આપણે જેને અહિંસા કહીએ છીએ એવા સાદા અર્થમાં તો ગાંધીજીના સ્વભાવમાં જ જેમ બાળપણથી સત્ય ની માફક અહિંસા પણ હતી. આત્મકથામાં એ લખે છે તે પ્રમાણે બાળપણમાં પણ કોઈનો દોષ જોયાનું તેમને યાદ નથી. તેમ જીવનમાં ક્યારેય કોઈની સાથે –એમના કટ્ટરમાં કટ્ટર વિરોધી સાથે પણ કટુતાભર્યો વ્યવહાર ન થાય તેનું ધ્યાન તેઓ ખાસ રાખતા.

પહેલી ભૂમિકા અ+હિંસ્ = કોઇને મારવું નહી તે. કોઈ સજીવ ને ન મારવું એ અર્થમાં અહિંસા આપણા દેશમાં તો સર્વવ્યાપક હતી અને આજે પણ મહદ્ અંશે છે. પરંતુ ગાંધીજીનો વિચાર આગળ ચાલે છે. હિંસા એટલે મારવું. પણ મારવું એટલે શું ? ગાંધીજી હિંસાની વ્યાખ્યા કરે છે. – ખોટું બોલવું તે હિંસા છે, ચોરી કરવી તે હિંસા છે, બીજાને જેની જરૂર છે તેનો સંગ્રહ કરવો તે હિંસા છે, વગેરે વગેરે. અને છેલ્લે લખે છે, કુવિચાર માત્ર હિંસા છે. ખરાબ વિચાર કરવો તે પણ હિંસા છે. આમ અહિંસાને માનસિક શુદ્ધિની ભૂમિકા સુધી તેઓ લઇ ગયેલાં અને તેની અહિંસા રચનાત્મક કાર્યક્રમનો ભાગ બનેલી અને અહિંસક સમાજરચનાની કલ્પના તેમાંથી સાકાર બનેલી. આમ છતાં હજુ અહિંસાનું વિધાયક Positive સ્વરૂપ સમજાયું નથી, હિંસા નહી તે અહિંસા એ વ્યાખ્યા નથી. અહિંસાની વ્યાખ્યા તો હોવી જ જોઈએ. ગાંધીજીની વિભાવનામાં આ ત્રીજી ભૂમિકાએ અહિંસા એટલે પ્રેમ. સત્યનો આગ્રહ રાખનાર સત્યાગ્રહી દિલમાં પ્રેમ જ પ્રેમ હોય તો જ એ પરમસત્ય ઓળખી શકે, પામી શકે અને બીજાને ઓળખાવી શકે.

દક્ષિણ આફ્રિકામાં પશ્ચિમના લોકોએ પહેલાં ગાંધીજીની અહિંસાને પેસિવ રેઝિસ્ટન્સ તરીકે ઓળખાવી હતી પરંતુ એમણે પણ તરત ખ્યાલ આવી ગયો નબળાની અહિંસા નથી પરંતુ આ કોઈ ગજબના આત્મબળની વાત છે. અગિયાર વ્રતોની જીવનભર અવિરામ ચાલતી સાધનાના પરિપાકરૂપે જે તેમનું વ્યક્તિત્વ તૈયાર થયું તે રજકણ કરતાંયે નમ્ર હોવા છતાં પોતે શું છે અને અહિંસાના ક્ષેત્રે શું ખેડી રહ્યા છે એ અંગે કેટલા જાગૃત છે ! તેનો ખ્યાલ આવતો.

હિન્દુસ્તાનમાં આવ્યા પછી પહેલો જ સત્યાગ્રહ ચંપારણનો, જેમાં મદદ માટે જુદા જુદા પ્રદેશોમાંથી લોકો આવેલા. તેમાં એક કૃપલાણી હતા. ઈતિહાસના પ્રાધ્યાપક. એમણે એક વખત ગાંધીજીને કહ્યું, "બાપુ તમે અહિંસક સત્યાગ્રહથી સ્વરાજ લેવાની વાત કરો છો પણ ઇતિહાસમાં ક્યારેય આવું બન્યું નથી." ત્યારે ગાંધીજી જવાબ આપે છે, "પ્રોફેસર કૃપલાની તમે ઈતિહાસ ભણાવો છો, પણ આપણે તો એક નવો ઈતિહાસ રચવો છે." અને એમણે એ ઈતિહાસ રચી દેખાડ્યો. માત્ર હિન્દુસ્તાન નહી, હિન્દને સ્વતંત્રતા મળ્યા પછી દુનિયાના કેટલાયે દેશોએ અહિંસક રીતે સ્વરાજ મેળવ્યું એટલું જ નહી, દુનિયાના અનેક દેશોમાં જુદા જુદા હેતુઓ માટે અહિંસક આંદોલનો સફળ રીતે થયાં છે અને થતાં રહેશે. તેમણે સામૂહિક જીવનમાં

અહિંસાનો પ્રયોગ કરીને માનવતાના ઇતિહાસનું એક નવું પ્રકરણ રચ્યું. એથી જ કદાચ યુનોએ એમના જન્મદિનને વિશ્વ અહિંસા દિન તરીકે જાહેર કર્યો તેમ માનવામાં કોઇ અતિશયોક્તિ જણાતી નથી.

પ્રવર્તમાન સમય ઘણો ખરાબ છે અને ગાંધીજીનો સમય પ્રમાણમાં સારો હતો અથવા અંગ્રેજો પ્રજા તરીકે સભ્ય હતા એટલે ગાંધીજીની અહિંસાના પ્રયોગ સફળ થયા એમ પણ માનવાની જરૂર જણાતી નથી.

સામાન્ય રીતે ગાંધીજીનું આખુંય જીવન અસત્યની સામે અહિંસક રીતે લડવામાં જ ગયું છે. પણ એ અહિંસાનો પ્રભાવ જીરવવો એ સરળ વાત ન હતી. બર્નાડ શોની એક વાત બહુ સૂચક છે. એમણે એક વખત ગગન વિહારીને પૂછ્યું કે અત્યારે તો આ મિ. ગાંધી તમને સ્વરાજ અપાવવમાં ઉપયોગી છે. પરંતુ સ્વરાજ મળી ગયા પછી તેનું શું કરશો? આપણા નેતાએ જવાબ આપ્યો – અમે એને સત્તા પર બેસાડીશું. બર્નાડ શો આપણા કરતાં ગાંધીજીને વધુ ઓળખતા હતા એમણે કહ્યું, સત્તા પર તો એ બેસે એમ નથી. એ સત્તા તો છોડીને આવ્યો છે. એટલે નેતાએ જવાબ આપ્યો, અમે એને નિવૃત્ત કરશું. તરત શો બોલ્યા, એ માણસ નવરો બેસે એમ નથી. પછી આપણા નેતા પાસે કોઈ જવાબ ન હતો ત્યારે બર્નાડ શોએ જે કહ્યું તે બહુ જ માર્મિક છે. એમણે કહ્યું, તમારી સ્વરાજ સરકાર કાં તો તેને જેલ પૂરશે અથવા ગોળીએ દેશે. પવિત્ર તેજને જીરવવા માટે જે પવિત્રતા કે ઉદારતા જોઈએ તે આપણે ન કેળવી શક્યા અને પરિણામે ગાંધીના સમયની અહિંસાને સામાન્ય રીતે (માનવતાને) આપણે મોટા ભાગે ગુમાવી (બેઠા) રહ્યા છીએ.

ગાંધીજીની વ્યક્તિગત અહિંસા-સિદ્ધિનાં તો અનેક દ્રષ્ટાંતો છે પણ પોતાની અહિંસાના તેજથી એમણે આ દેશની નિર્માલ્ય બની ગયેલી પ્રજામાં અહિંસાનું જે આત્મબળ જાગૃત કર્યું હતું તેના દ્રષ્ટાંતો તો અંગ્રેજોને પણ આશ્ચર્યમાં મૂકી દે તેવાં હતાં.

આ અહિંસાને આપણી સંસ્કૃતિમાં તો આદિકાળથી ધર્મરૂપે વર્ણવી છે. અહિંસા પરમો ધર્મ – મનુષ્ય જેને આધારે ટકી રહ્યો છે. અહિંસા ધર્મ એ તો કુદરતનો કાયદો છે. Law of Nature છે એ જેને સમજાયું છે તેને માટે અહિંસા એ તેના પોતાના અસ્તિત્વનો અંશ બની જય છે. ત્યારે તેનાં અદ્‌ભુત પરિણામો સર્જાય છે. બુધ્દ, મહાવીર અને ગાંધીજીએ પોતાના વ્યક્તિગત તપને સામૂહિક જીવનમાં ઉતાર્યું અને આ દેશની સંસ્કૃતિના ઇતિહાસને એક નવું સ્વરૂપ આપવામાં નિમિત બનેલી.

ગાંધીજીએ તેમના જીવનકાળમાં અહિંસાત્મક સત્યાગ્રહને વ્યવહારની એક પદ્ધતિ તરીકે ક્યારેય ઉપયોગમાં લીધો ન હતો. અહિંસા એવી જીવનશૈલી છે જે સત્યાગ્રહ માંડતા પૂર્વે, દરમિયાન અને પશ્ચાત વ્યક્તિ તથા સમષ્ટિએ અપનાવવાની રહે છે. આવી સાધના દ્વારા જ અહિંસક સમાજનું નિર્માણ સંભવ છે. જીનશાર્પ જેવા ખ્યાતિપ્રાપ્ત વિદ્વાને અહિંસા જીવનશૈલીની સંભાવનાને કાલ્પનિક આદર્શ ગણાવી રાજનૈતિક સંઘર્ષોમાં અહિંસાને અસરકારક રણનીતિ અને પદ્ધતિ તરીકે વિકસાવવાની વાત કરી છે.

કાકાસાહેબ કાલેલકરે ટાંકેલી એક ઘટનાનો ઉલ્લેખ વિનય લાલ કરે છે. ચાર-પાંચ પાંદડાની જરૂરિયાત સામે કાકા એક આખી સાંઠી તોડી લાવતા. એક બાપુએ ટકોર કરી કે ‘આ તો હિંસા છે, જેટલાં પાંદડા જોઈએ તેટલાં જ તોડવા અને તે પણ વૃક્ષની માફી માગીને’. વિનય લાલના મંતવ્ય મુજબ વર્તમાન સમયમાં ચલણી બનેલા પર્યાવરણ કે પરિસ્થિતિના ગાંધીજી હિમાયતી ન હતા. ગાંધીજીની અહિંસાની વાત અર્ન નેસને ઊંડી સ્પર્શી ગઇ હતી અને એ શક્યતાને નકારી ન શકાય કે ડીપ ઇકોલોજી અંગેની નેસની ઇકોસોફી ગાંધીવિચારથી પ્રભાવિત થઇ હોય. વિનય લાલ ગાંધીજીને ડીપ ઇકોલોજી ચળવળકારો કરતા પણ પ્રગતિશીલ માને છે અને ગાંધીજીની વ્યક્તિ, સમષ્ટિ અને પ્રકૃતિની સંવાદિતાની ખોજમાં વ્યક્તિની ખોજને કેન્દ્રમાં મુકવા છતાં પણ ગાંધીજીના આધ્યાત્મિક પક્ષને સ્પષ્ટ રીતે રજૂ કરતા નથી.

વેબરનો લેખ અન્ય સંદર્ભે પણ મહત્ત્વનો પુરવાર થાય છે. સંદર્ભિત લેખમાં તેઓ ત્રણ વિદ્વાનો પર ગાંધીજીની અસર તપાસે છે: ડીપ ઇકોલોજીના સંદર્ભે નેસ, શાંતિવિમર્શના સંદર્ભે યોહન ગાલ્તુંગ અને અર્થશાસ્ત્રના સંદર્ભે શુમાકાર. આ ત્રણ વિશ્વવિખ્યાત વિદ્વાનોના સંબંધિત વિષય સાથે ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતો અને આચરણનું સંયોજન ઉપરાંત જે તે વિષયને એકાંગી કે ખંડદર્શનમાંથી બહાર આણી સમગ્ર દર્શનની દિશાની વૈચારિક શ્રૃખંલાની કડીઓની પૂરતી વેબર કહે છે.

ગાંધીજીનો આદર્શ અહિંસક સમાજની રચના હતો. સ્વાભાવિક રીતે મનુષ્ય તેના એકમ

તરીકે અને કેન્દ્રમાં હોવો જોઇએ. ગાંધીવિચારની દૃષ્ટીએ અહિંસક સમાજની રચનાની પ્રાથમિક જવાબદારી દરેક વ્યક્તિની છે. સમાજ કે રાજ્યની જવાબદારી ગૌણ છે. વ્યક્તિ સ્વયં, સમષ્ટિ અને પ્રકૃતિ વચ્ચેની સંવાદિતા સાધવા માટેની સાધક છે. ગાંધીજી માટે વ્યક્તિની અંગત યાત્રા આધ્યાત્મિક હતી અને દરેકે સત્યની ખોજમાં પ્રયાણ કરવું જરૂરી છે. લૌકિક જીવન સત્ય છે, તેના પ્રશ્નો સાચા છે. મનુષ્ય માટે ભૌતિક વિકાસ અને સમૃદ્ધિ પણ આવશ્યક છે, તે વગર વ્યક્તિની સત્યની ખોજ પણ અધૂરી છે. સમૂહ અને સમાજ તરીકે મનુષ્ય પરસ્પર સંઘર્ષમાં આવે છે. આ સંઘર્ષ પાછળનું કારણ દરેક વ્યક્તિની સત્યની અધૂરી ખોજ કે ખોજવિહીનતા છે. સાથે અગત્યનો મુદ્દો એ પણ છે કે પૂર્ણ કે નિરપેક્ષ સત્ય કે અંતિમ સત્ય કોઈની પાસે નથી. સાપેક્ષ સત્ય અલગ હોઈ શકે. સાધકની શ્રદ્ધા અને વિશ્વાસના આધારે આ સત્યના બળે અન્યને તે વિષે બીજાને સમજાવવાનું થાય. પારસ્પરિક સમજ ઉભી કરવા પ્રેમબળ કે અહિંસાનો જ ઉપયોગ થાય તે અનિવાર્ય શરત છે. સત્યના સાધકની ખોજ માટે વ્યક્તિગત જીવન જીવવાની શૈલી પણ પરિભાષિત છે. આમ, સમાજના સ્તરે અહિંસા સામાન્ય રીતે સમાજના ધ્યેય વિશેની સર્વસહમતિ સાથે તેના એકમ એટલે વ્યક્તિની સત્યની અહિંસાત્મક માર્ગથી ખોજ વ્યક્તિના અને મનુષ્યસમાજના પ્રકૃતિ સાથેના સંબંધો સંવાદી બનાવી શકે છે.

વ્યક્તિએ સત્યની ખોજ અને અન્ય વ્યક્તિઓ સાથે સત્યનિષ્ઠ, અહિંસા અને પ્રેમબળ મૂલક વ્યવહાર કરવાનો હોય, તો તેના નિયમો ક્યા ? આ પ્રશ્નનો ઉત્તર ગાંધીજીએ જીવનના અનુભવે દૃઢ કરેલા અનુભવ અને આ દેશની સંસ્કૃતિ ધરોહર અને પરંપરામાંથી મેળવેલા નિયમો એકાદશ વ્રત તરીકે સૌ પ્રથમ આશ્રમવાસીઓને આપ્યા હતા.

ગાંધી અહિંસા અને પ્રેમને પર્યાયવાચી માને છે. આંતરિક અને બાહ્ય રિપુઓ વચ્ચે રહેવું એટલે અહિંસા. “આ અહિંસા આજે આપણે જેને જોઇતી વસ્તુ જોઇએ છીએ તે જ નથી કોઇને ન જ મારવું તે તો છે જ. કુવિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઇનું બૂરું ઇચ્છવું હિંસા છે. અહિંસા વિના સત્યપ્રાપ્તિ શક્ય નથી. અહિંસા સાધન છે અને સત્યનું સાધ્ય છે.”

અહિંસક આંદોલન દરમ્યાન ગાંધીજી કહેતા કે સરકાર જેમ જેમ વિશેષ દમનનીતિ અપનાવે અને જેમ જેમ વિશેષ બે કાયદે બને તેમ તેમ સત્યાગ્રહીઓ વિશેષ ને વિશેષ સંકટો વહોરવા જોઇએ. સ્વેચ્છાએ ખમેલા તીવ્રમાં તીવ્ર સંકટોને પરિણામે ચોક્કસ વિજય જ છે. હું જે કાર્ય ઉપાડવા ધારું છું તેમાં રહેલાં જોખમોનું મને જ્ઞાન છે. પરંતુ દેશ મારી વાત સમજવામાં ભૂલ કરે એવો સંભવ નથી. હું જે વિચારું છું અને કરવા ધારું છું તે જ કહું છું. હિંદુસ્તાનમાં પંદર વરસથી હું કહેતો આવ્યો છું અને પરદેશમાં વીસ વરસ સુધી મેં એ જ વાત કહી છે. અને ત જ વાત હું ફરી કહું છું કે હિંસાને જીતવાનો ઉપાય શુદ્ધ અને નિષ્કલંક અહિંસા જ છે. મેં એ પણ કહ્યું છે કે દરેક હિંસામય કૃત્ય, વાણી અને વિચાર પણ અહિંસાની પ્રગતિને આડે આવે જ છે. વારંવાર આટલી ચેતવણી આપ્યાં છતાં લોકો હિંસાનો આશ્રય લેશે તો હરકોઇ મનુષ્યના કૃત્યને માટે બીજા મનુષ્યની જેટલી જવાબદારી અનિવાર્ય રીતે ગણાય છે તે સિવાયની બીજી કોઇ જવાબદારી મારે શિર નથી. પરંતુ આ જવાબદારી પ્રશ્ન બાજુએ રાખતાં પણ જો અહિંસા એ ઋષિમુનીઓએ કહ્યું છે તેવું અમોઘ બળ હોય અને તેના પ્રયોગનો મારો વિશાળ અનુભવ મારે એળે ન જવા દેવો હોય તો કોઇ પણ કારણસર મારે નિશ્ચિત પગલાં લેવાનું મુલતવી રાખવું જોઇએ નહી. આ તેમના અહિંસક વિચારધારાના સ્પષ્ટ વિચારો હતા, જે અહિંસક આંદોલન માટે બળ પૂરવાર થાય તેમ હતા.

‘મંગલ પ્રભાત’માં એકાદશ વ્રત વિષે દર મંગળવારે જેલમાંથી લખીને બાપુ પત્ર રૂપે મોકલતા. એમાં અહિંસાની વાત આવો ત્યારે એમણે લખ્યું કે સત્યની શોધ કરવા જતાં મને અહિંસા મળી. હું જે જોઉં છું, તે જ પરમ સત્ય એમ જે માને છે તે બીજાનેવિશે સહિષ્ણુ નથી થઇ શકતો. પરંતુ હું જે જોઉં છું તે ઉપરાંત પણ બીજું પરંત સત્ય હોઇ શકે એમ જે માને છે તે બીજાને વિષે સહિષ્ણુ બની શકે છે. એ વિચારોમાંથી અહિંસાના વિચારોનો જન્મ થયો છે, સત્યની શોધમાંથી., હું આ સમીતિ શરીરમાં પેદા થયો છું. એટલે સત્ય પણ હું સીમિત રીતે જોઇ શકું. માટે બીજો જે જુએ છે, મારો પ્રતિપક્ષી જુએ છે, જેને હું જુલમી માનું છું, જેને અન્યાયી માનું છું એ જુએ છે, એનામાં પણ કંઇક સત્ય છે એમ જે માને છે એ અહિંસાને વિચારને માને છે.

મૂળ વિચાર એ છે કે સીમિત મનુષ્ય જે સત્યનું દર્શન કરે છે તે પણ સમીતિ દર્શન હોય છે. માટે પરમ સત્ય જોવા માટે જૈન પરિભાષામાં કહું તો

અનેકાંતવાદનો વિચાર કરવો પડે. વેદના ઉદ્દ્વરણ સાથે વિનોબાજી કહે છે કે વેદમાં યુદ્ધ માટેનો શબ્દ છે હું કહું તે જ સાચું એમ જે કહેતો હોય એ જ યુદ્ધને નોતરતો હોય છે. દુનિયાના તમામ યુદ્ધ કરનારાના ઈતિહાસને જોઈશું, તો એમાં મૂળ સાર એ આવે કે હું કહું તે જ સાચું. આમ, અહિંસાનો વિચાર સત્યની શોધમાંથી આવ્યો. આ બે વિચારો એ ગાંધીના તત્ત્વના મૂળ વિચારો. એ વિચારોમાં જે નડતરરૂપ હોય, એને કાઢવાના પ્રયત્નો, આમાંથી કેટલાક ગાંધીના મૂળ તત્ત્વમાં પણ આવે છે અને એમના તંત્રમાં પણ આવે છે.

દેશની આવી વિષમ પરિસ્થતિમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંથી આવીને જાહેર કર્યું કે . ભારતને અંગ્રેજી સત્તાની ગુલામીમાંથી મુક્ત કરવાનો રામબાણ ઈલાજ સત્યાગ્રહ છે. અહિંસક પ્રતિકાર છે. એમણે લોકોને હૈયાધારણ આપી કે તમારી પાસે શસ્ત્રો નથી એની ચિંતા કરશો નહીં, શસ્ત્રબળ કરતાં અનેકગણું ચઢિયાતું બળ તમારી સૌની પાસે છે, અને તે છે આત્મબળ, અહિંસાબળ. યમનિયમના પાલન દ્વારા તમારામાં સુપ્ત-વસ્થામાં પડેલા એ બળને તમે જગાડો, કેળવો ને સંગઠિત કારો તો દેશની ગુલામી, ગરીબી, શોષણ, અસ્પૃશ્યતા, કોમવાદ વગેરે તમામ સમસ્યાઓ નાબૂદ કરી રાષ્ટ્રનું નવનિર્માણ કરી શકો.

ગાંધીજીની આ વાત એકદમ નવી હતી. દુનિયાના કોઈ દેશે અહિંસક માર્ગે આઝાદી મેળવ્યાનું ઇતિહાસમાં નોંધાયું નહોતું. આવી ઈતિહાસ વિરોધી વાત કોને ગળે ઊતરે? લોકમાન્ય ટિળકે એમની વાતનો જાહેરમાં વિરોધ કર્યો. ક્રાંતિકારીઓએ તો એવી વાત કરનાર ગાંધીજીને ‘આધ્યાત્મિક પાગલ’ જ કહ્યા. આચાર્ય કૃપલાની એ વખતે ઈતિહાસના અધ્યાપક હતા, યુવાન હતા, ક્રાંતિકારી હતા. એ ગાંધીજીને શાંતિનિકેતનમાં મળ્યા અને પૂછ્યું: ગાંધીજી, હું ઈતિહાસનો અધ્યાપક છું. અહિંસાથી આપણો દેશ આઝાદ થશે એમ આપ કહો છો. હવે મારે મારા વિદ્યાર્થીઓને આ વાત સમજાવી હોય તો કઈ રીતે સમજાવવી? અહિંસાથી કોઈ દેશ આઝાદ થયો હોય એવું કોઈ ઉદાહરણ ઈતિહાસમાં છે ખરું? એનો અત્યંત માર્મિક જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું: કૃપલાની, તમે ઇતિહાસના અધ્યાપક છો જયારે હું ઈતિહાસ રચનારો છું. મારો જન્મ નવો ઈતિહાસ રચવા માટે થયો છે, અને એક દિવસ એમાં લખાશે કે મોહનદાસ કરમચંદ ગાંધી નામના માણસે હિંદને અહિંસાથી આઝાદી અપાવી. અને ગાંધીજીએ સત્યાગ્રહી આચાર દ્વારા ઈતિહાસમાં નવાં પાન લખવાનું શરૂ કરી દીધું.

૧૩મી એપ્રિલ ૧૯૧૯ના જલિયાંવાલા બાગના હત્યાકાંડે દેશભરમાં અરેરાટી ફેલાવી હતી. એણે બ્રિટિશ સામ્રાજ્ય-ભક્તોની રાજ્યનિષ્ઠાને જબરો આઘાત આપ્યો. એમણે હવે સમજી ગયું હતું કે બ્રિટિશ સરકાર સાથે સહકાર કરવાથી દેશનું હિત નહીં થાય. બીજી બાજુ, પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતના મુસલમાનોને ખિલાફત અંગે આપેલાં વચનો સરકારે પાળ્યાં નહોતાં તેથી મુસલમાનોની ધાર્મિક લાગણી દુભાઈ હતી. આમ રોલેટ એક્ટ, પંજાબના અત્યાચાર અને ખિલાફતના અન્યાયનાં ત્રિવિધ કારણોથી સરકાર પ્રત્યેના જનતાના રોષે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. વિશેષમાં ક્રાંતિકારી દળો હિંસક માર્ગ અપનાવવા તત્પર બન્યાં હતાં. આ સ્ફોટક પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં આચાર્ય કૃપલાનીજીએ લખ્યું છે: “૧૯૨૦માં જો એમણે (ગાંધીજીએ) અસહકારની ચળવળ ન ઉપાડી હોત તો સૂના પડેલા રાજકીય ક્ષેત્રનો ક્રાંતિકારી દેશભક્તોએ લાભ ઉઠાવ્યો હોત. રોલેટ બીલ, પંજાબમાં થયેલી માનહાની અને ખિલાફતના અન્યાય સામેનો દેશનો રોષ પરાકાષ્ઠાએ પહોચ્યો હતો. એ બધાને રાષ્ટ્રવ્યાપી વિરોધ અને લડતને માર્ગે જ નહીં પણ રચનાત્મક ક્ષેત્ર તરફ પણ વાળવાની જરૂર હતી. એમણે એ બંને વસ્તુ કરી. એને બદલે જો ક્રાંતિકારીઓ મેદાનમાં આવ્યા હોત તો સરકારનો સામનો કરવાનું અંદોલન લોહીની નદીમાં ડૂબી ગયું હોત. અને રાષ્ટ્રવ્યાપી ધોરણે રચનાત્મક પ્રવૃત્તિ ન થઇ હોત તથા દેશની જનતાને પણ લડતમાં સામેલ ન કરી શકાય હોત.”

પરંતુ ગાંધીજીએ એવી પરિસ્થિતિ સર્જવા દીધી નહીં. એક કુશળ સેનાપતિની કુનેહથી અહિંસક અસહકારનો ક્રાંતિકારી કાર્યક્રમ આપીને જનતાના રોષને એમણે રચનાત્મક માર્ગે વાળી દીધો. આ વસ્તુ બતાવે છે કે ગાંધીજી માત્ર સંત નહોતા તે સિદ્ધહસ્ત રાજનીતિજ્ઞ પણ હતા.

ગાંધી કહે છે કે અહિંસા સત્યનું સક્રિય સ્વરૂપ છે. આનો અર્થ એ છે કે જો આપણે આપણા રોજિંદા કાર્ય સાથે સત્યને જોડવાની ઈચ્છામાં અહિંસા ધર્મનું પાલક બનવું છે. અને તે પછી આપણે અહિંસા પર તેનું પાલન કરવા માટે ખૂબ કાળજી

લેવાની જરૂર છે. અહિંસા આપણને એમ નથી કહેતી કે આપને ક્યારેય શક્તિનો ઉપયોગ ન કરવો જોઈએ. તે ફક્ત એટલું જ કહે છે કે આપણે આત્મા હંમેશા શુદ્ધ હોવો જોઈએ. યોગ-સૂત્ર કહે છે : અહિંસા પ્રતિસ્ઠાય તત્સન્નીધૌ વૈરાગ્ય: | જ્યાં અહિંસા ત્યાં દ્વેષ કે તિરસ્કાર ન હોઈ શકે. આથી કહ્યું વેર ત્યાગ વિશ્વના કોઈ પણ પ્રાણી માટે મનમાં કોઈ ખરાબ લાગણી નથી. તેઓ અપેક્ષા રાખે છે કે આપને અહીં આંતરિક મનોભાવ પર કાબૂ રાખવો અને આપણી ઈચ્છાઓને કાબૂમાં રાખવી પડશે. માનવતા માટે કોઈ વિકાર નથી ભાવના છે. આટલું જ નહી, પૃથ્વીના તમામ જીવો માટે આપણી ભાવનાઓની જેમ હોવી જોઈએ. અન્ય ધર્મોએ પણ આવી વાતો કહી છે. અન્ય ચિંતકોએ પણ કહ્યું છે, કાંતે કહ્યું છે : "તમારી અંદરની આખી માનવતા ને સ્વીકારો અને તમારી જાત ને બધી માનવતામાં જુઓ અને તેણે અંતીમ પૂર્ણતા તરીકે માનો, બાહ્ય અર્થ નહી,". સ્વીટર કહે છે, "જીવનની ઉપાસના એ આપણા બધાની છે આજ અંતિમ સત્યને વ્યક્ત કરવાના આ બધા જુદા જુદા પ્રયત્નો છે. જે સત્ય આપને અસંખ્ય વખત પુનરાવર્તિત કર્યું છે. પરંતુ જેને આપને આપણા દૈનિક જીવનમાં પાલન કરવામાં અસમર્થ છીએ. જયારે ગાંધીજીએ અહિંસાની વાત કરી ત્યારે તેનો અર્થ તે હતો કે આપણે અનિષ્ટોને જીતવા પડશે. પ્રેમની શક્તિને નશો બનાવવી પડે છે. જો આપણે તે ન કરી શકીએ તો તાકાતથી લડવું મહાભારત કહે છે તે શસ્ત્રાદપિ અમરે દ્રષ્ટતાનો સામનો કરવો પડશે તે આપણા દેશની પરંપરાઓની શક્તિથી અથવા શસ્ત્રોથી કહો. ખુદ ગાંધી એ એમપણ કહ્યું હતું કે આ બંને માર્ગો માનનીય માર્ગ છે. આપને આપણી અંતિમ હદ સુધી જવું જોઈએ અને અહિંસાનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ જો આપને દ્રષ્ટતાનો આ માર્ગ સમાપ્ત નહી કરીએ. જો આપણે તેણે પૂર્ણ કરી શકતા નથી. તો આપણે ઘણા અને ભયના સમુદ્રમાં ડૂબીને મારવા માટે આપને દુનિયા છોડવી ન જોઈએ. આપણને જોડવાની આ ભાવનાથી સ્વતંત્રતા મેળવવી છે.

ધૃણા એક એવી શક્તિ છે જે આપણી વિચાર સરણીને વિચલિત કરે છે. આ આપણા અંતરઆત્માને કારણે કોઈ ચોક્કસ રાજ્ય નો ગુલામ બનાવે છે. આપને આપણી સારી રીતે સીધી પણ જોઈ શકતા નથી. પોતાને તમામ પ્રકારના દ્વેષથી મુક્ત કરવાની જરૂર છે. જ્યાં સુધી આપણે આ ન કરીએ ત્યાં સુધી આપણે અહિંસાના સાચા ઉપાસક બની શકીએ. તેથી માત્ર શક્તિનો ઉપયોગ નકારી દ્વેષ, દ્રષ્ટ વિચારોથી છુટકારો મેળવવા માટે નથી. વધુ કે ઓછા આપણને સમજાવ્યું છે. ભગવત ગીતામાં આપણી પાસે આ જ છે જે આપણે પરંપરા વધુ કે ઓછી છે. જયારે અર્જુન મહાભારતના યુદ્ધમાં ઉભો છે અને યુદ્ધમાંથી છુટવાનો છે ત્યારે બહાર નીક્વાની ઈચ્છા રાખે છે. ત્યારે કૃષ્ણ તેમણે કહે છે કે "ક્ષુદ્રમ હૃદય હોવ્રય ત્યકત્વા ઉત્સ્થા પરંતપ" કે હ્રદયની આ નબળાઈ તમને અનુરૂપ નથી. તે તમારા માટે યોગ્ય નથી, અર્જુના.

ગાંધીજી પણ ધીરે ધીરે હિંસા સહન કરીને સંપૂર્ણ તિરસ્કાર નાબૂદ તરફ આગળ વધી રહ્યા હતાં. પરંતુ ત્યારે તેમણે જોયું કે વિશ્વમાં આવાં ભયંકર શસ્ત્રો બનાવવામાં આવી રહ્યા છે ત્યારે પરમાણું શસ્ત્રો જેનો સંપૂર્ણ વિનાશ અથવા સંપૂર્ણ સંરક્ષણ આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તે પછી તેમણે કહ્યું કે આપણે જીવંત રહેવું હોય તો હિંસા બંધ કરવી પડશે. તેઓ આખી જિંદગી તેનો ઉપોયોગ કરત રહ્યા. અને એમને એવો ખ્યાલ આવ્યો કે અપને યુદ્ધનો સંપૂર્ણ અંત લાવવો પડશે.

આજે જયારે વિશ્વની તમામ પરમાણું મહાસત્તા સામે-સામે ઉભા છે પરંતુ મોટી દુર્ઘટનાનું એકપણ દ્રશ્ય સામે આવ્યું નથી. તેથી તેની પાછળ બે કારણો છે. એક તો આપણે જીવવા માટેની પ્રાકૃતિક ઝંખના છે અને બીજી આખી દુનિયામાં સામૂહિક આત્મહત્યા સામે સ્વસ્થ અસ્વીકારની ભાવના છે. પરંતુ આ કાયમ રેહવાની ભૂમિકા નથી. જ્યાં સુધી આપણે આપણા પોતાના વાતાવરણને નિર્ધારિત કરી શકીશું નહિ અને માનવચેતનામાં ગહન પરિવર્તન નહી કરી શકીએ ત્યાં સુધી પરમાણું વિનાશને ટાળી શકાશે નહી. આજે અટકેલી આપત્તિ ભયના કારણે છે, અને તેણે લાંબી ખેંચી શકતા નથી. મહાસત્તા આ ભયને સમજી રહી છે. અને ભયના સંતુલનને ટાળીને તેનાથી છુટકારો મેળવવાનો માર્ગ શોધી રહ્યા છે અને તે જ સમયે ગાંધીજીની ફિલસુફી તેમણે સંદેશ એક નવો અર્થ લે છે અને પછી આ જવાબદારી આપણા જીવનમાં અને બહારના જીવનમાં જીવંત રીતે અમલમાં મૂકવાની જવાબદારી થાય છે.

જયારે ગાંધીજીને ખબર પડી કે અહિંસા અને સર્વોદય બધાના આભ-જાગરણ તેમણે અમને

સમજાવ્યું તો પછી એમ પણ કહ્યું કે કોઈપણ પ્રકારનો રાજકીય વર્ચસ્વ સ્થાપિત કરવાની જરૂર નથી જયારે તેણે આ દેશની વેદના જોઇ, પતન જોઈ અને લોભ અને લોભથી ભરેલા હૃદયને જોયું, ત્યારે તેણે કહ્યું મારે આ સીસ્ટમ સામે લડવું છે, મારે તેમાંથી છુટકારો મેળવવો પડશે. અને તેણે એમ કહ્યું એક પરાજિત અને બેઠેલા ભારતીય ત્રસ્ત પોતાને અથવા વિશ્વને કોઈપણ રીતે મદદ કરી શકશે નહી. ફક્ત એક સ્વતંત્ર અને જાગૃત ભારત જ પોતાને અને દુનિયા સાથે સ્પર્ધા કરી શકે છે. અને પછી તે આગળ કહે છે, "હું મારા દેશની સ્વતંત્રતા ઈચ્છું છે જેથી કોઇ દિવસ જરૂર પડે ત્યારે તે આખી માનવતત્વ માટે બલિદાન આપી શકે." તેઓએ આ દિશા પકડી હતી.

ગાંધીજીએ સમજાવ્યું કે આપણા પોતાના દેશમાં કંઇક એવું થઇ રહ્યું છે કે આપણામાંથી કોઈ અંતરઆત્મા કરશે નહી. આપણે આપણા પોતાન ભાઈઓ સાથે એવી રીતે વર્તન કરી છીએ જે ગૌરવને કચડી નાખે છે. આવી બાબતો આપણા સમાજમાં ચાલે છે જેને આપણે વધારે કીમત ચૂકવીએ છીએ તેથી તેઓ અસ્પૃશ્યતાને શાપ ગણે છે. અને એવું કેહવામાં આવે છે કે જ્યાં સુધી તે કોઈપણ હિંદના હૃદયના કોઈપણ ખૂણામાં છે ત્યાં સુધી હું હિંદુ હોવાનો શરમ અનુભવીશ તેમજ તેઓ કહે છે કે જ્યાં સુધી મુઠ્ઠીભાર લાખો લોકો માટે પૂરતી નસીબદાર રહેશે ત્યાં સુધી આપણું અસ્તિત્વ કૃત્રિમ રહેશે. અપ્રાકૃતિક અને અસભ્યતાને માનવામાં આવશે અને આપણે આ બધાથી છુટકારો મેળવવા સતત પ્રયત્નો કરવા પડશે. તેવી સામાજિક ભેદભાવનો અંત લાવવો જોઈ. આર્થીક ગેર બરાબરીનો અંત હોવો જોઈએ. આ બધા અથવા તે બધા જેમને મેતે તેઓ દેશની અંદર અને સંપૂર્ણ અહિંસાના આધારે લડ્યા હતા. અહિંસા એટલે સર્વવ્યાપક જાગૃતિ અને સૌનું કલ્યાણ. જેનો તે સેવા કરતા હતા તે પોતાનું આખું જીવન તેમાં સમર્પિત કરી શક્યા. કારણકે તે હંમેશા તેની સાથે સંઘર્ષ કરે છે તે ખૂબ નમ્ર હતા. તની પાસે બીજાઓથી શ્રેષ્ઠ હોવાનો કોઈ દાવો ન હતો કે તેણે પોતાને જાતને ભૂલોથી આગળ માન્યા ન હતા. તે ખૂબ ધૈર્યથી બીજાના મંતવ્યો સાંભળતો અને તેમના પર ક્યારેય ગુસ્સો ન હતો. તે ધીરજ હતી જે આજના વિશ્વને જીતી શકે છે. આપણે આજે આપણી સંસ્કૃતિના શિખરે નથી. આપણે મધ્યમાં પણ નથી, માનવસંસ્કૃતિ ઇતિહાસની પળો હજી તુંટી રહી છે. હજી લાંબી મંજીલ કાપવાની બાકી છે અને આ લાંબી મુસાફરીમાં જો આપણે તેમના સિદ્ધાંતોના સિદ્ધાંતો પ્રમાણિકપણે, ગંભીરતાથી અને વિચારપૂર્વક સંચાલિત કરીશું તો આપણે આજ કરતા વધારે સારી દુનિયા બનાવી શકીએ છીએ.

જયારે ગાંધી અહિંસા વિષે વાત કરે છે ત્યારે તેનો અર્થ એ છે કે આપણે પ્રેમની શક્તિથી દ્રષ્ટતા જેટલી દ્રષ્ટતાને તટસ્થ કરવી પડશે.

વાત ખાલી માત્ર શક્તિનો ઉપયોગ ન કરી શકાય તેવું નથી. મુદ્દો છે કે ધૃણા ને મોટા વિચારોથી છુટકારો મેળવવો. આ અમારી પરંપરામાંથી તેને દુર કરીને તેમણે અમને વધુને વધુ સમજાવ્યું.

હજી લાંબી મંજીલ કાપવાની બાકી છે અને આ લાંબી મુસાફરીમાં જો આપણે તેમના સિદ્ધાંતોની કાળજી જો ઈમાનદારીથી અને ગંભીરતાથી લઈશું તો આપણે વધુ સારું વિશ્વ બનાવી શકીશું.

સંદર્ભસૂચી


1. "ગાંધી હજી જીવે છે." – નારાયણ દેસાઈ
2. "ગાંધીજીની સત્યાગ્રહ સાધના" (ભારતીય સ્વાતંત્ય – સંગ્રામ: એક ઝલક) – મગનભાઈ જો. પટેલ
3. "ધરાસણાનો કાળો કેર"
4. અભીદૃષ્ટિ સળંગ અંક.
5. મહાત્મા ગાંધી, રાજનીતિ દર્શન એક સ્વતંત્રતા -અજીતકુમાર સિંહા.